આંક–૩૨

શ્રી ડી.પી.પુંજાણી, પ્રમુખ અધિકારી, મજુર અદાલત, ભરૂચ સમક્ષ

રેફરન્સ (એલ.સી.બી.) નં–૬૦/૨૦૧૫

પ્રથમ પક્ષકાર : માલિકશ્રી/મેનેજરશ્રી,
કોરોમંડલ ઈન્ટરનેશનલ લીમીટેડ
"પેસ્ટીસાઈઝ ડિવીઝન"
પ્લોટ નં–૩૨૦૪, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ–૩૯૩૦૦૨.

–:– વિરૂધ્ધ –:–

બીજા પક્ષકાર : ચંદુભાઈ વીરસંગભાઈ પટેલ
C/o, રવિન્દ્રસીંગ, ૨૨૭, મીરાનગર,
સારંગપુર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

હાજર રહ્યા : પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી પિયુષભાઈ દણાંક.
બીજા પક્ષકાર તરફે વકીલશ્રી કલ્પેશ ડી. પરમાર.

–:– એવોર્ડ –:–

(૧) ઉપરોક્ત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ ધારાના પ્રબંધો નીચે મદદનીશ શ્રમ આયુક્ત કચેરી, ભરૂચના કચેરી હુકમ ક્રમાંક : કે.એચ.એસ.એમ.સી./૫૪૩૧/એ.જે./આઈ.ડી.આર./૨૦૧૫, તા.૨૫/૦૫/૨૦૧૫ થી વિવાદના ન્યાયીક નિર્ણય માટે અત્રેની કોર્ટને સુપરત કરવામાં આવેલ છે. વિવાદ અનુસૂચિ વિગતે :

–:– અનુસુચિ –:–

શ્રી ચંદુભાઈ વીરસંગભાઈ પટેલને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) સદર કામે રેફરન્સ દાખલ થતાં અત્રેથી આંક–૨ થી સદર કામના પક્ષકારોને તા.૨૮–૦૫–૧૫ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ.

(૩) સદર કામના બીજા પક્ષકારને નોટીસની બજવણી થતાં તેઓ તેમના વકીલશ્રી મારફતે હાજર રહી આંક–૬ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૨૫–૦૯–૯૫ થી મેન્ટેનન્સ ફીટર તરીકે આશરે માસીક રૂ.૧૩,૦૦૦/– ના વેતનથી ખંત અને વફાદારીપૂર્વક ૧૬ વર્ષ ઉપરાંતથી ફરજ બજાવતા હતાં. તેઓનો સર્વિસ રેકોર્ડ ચોખ્ખો હતો.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર તથા સંસ્થાના અન્ય બહુમતી કામદારો "ગુજરાત રાજ્ય કામદાર સેના" (આર.સી.પટેલ) ના યુનિયનમાં જોડાયેલા હતાં અને યુનિયનના સક્રિય કમીટી મેમ્બર હતાં તેથી મેનેજમેન્ટને પસંદ ન હતું. મેનેજમેન્ટે યુનિયન તોડવાની પ્રક્રિયાના ભાગરૂપે તેમના પ્રત્યે દ્વેષભાવ રાખી વિકટીમાઈઝેશન કરવા તા.૦૮–૦૯–૧૧ ના રોજના ખોટા ઉપજાવી કાઢેલા આક્ષેપો કરી નોટીસ આપી પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરી દીધેલા અને કંપનીમાંથી બહાર કાઢી મુકી યુનિયન તોડવાની પ્રક્રિયા આચરેલ હતી. બીજા પક્ષકારે તેનો યોગ્ય અને વ્યાજબી ખુલાસો વિગતવાર કરેલ હોવા છતાં પ્રથમથી નક્કી કરેલ કે ખાતાકીય તપાસનું નાટક ઉભું કરી તેઓને નોકરીમાંથી છુટા કરવાના મેનેજમેન્ટના ઈરાદાને પાર પાડવા માત્ર કહેવાતી ખાતાકીય તપાસ બચાવની પૂરતી અને વ્યાજબી તક આપ્યા સિવાય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ શરૂ કરી પૂરી કરેલ હતી. તપાસ અધિકારીનું વલણ માત્ર કંપની તરફી હતું અને તપાસમાં તેમની સામેના આક્ષેપો પુરવાર થયેલ ન હોવા છતાં તપાસ અધિકારી દ્વારા ખોટા અને ગેરકાયદેસર ફાઈન્ડીંગ અને રીપોર્ટ આપવામાં આવેલ હતાં. જેને આધાર બનાવી બીજા પક્ષકારની ૧૬ વર્ષ ઉપરાંતનો સર્વિસ રેકોર્ડ જોયા વગર માત્ર દ્વેષભાવ રાખી યુનિયન પ્રવૃત્તિને કારણે વિકટીમાઈઝેશનના ભાગરૂપે નોકરીમાંથી તા.૨૮–૧૧–૧૪ નો પત્ર આપી ડીસમીસ કરવામાં આવેલ હતાં. જેથી બીજા પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જેમાં સમાધાન શક્ય ન બનતાં અત્રેની અદાલતમાં સુપરત કરવામાં આવેલ.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને છુટા કર્યા પછી તેઓ બેકાર છે. નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને આજે પણ નોકરી આપે તો બીજા પક્ષકાર નોકરી પર જવા ખુશી છે.

આમ, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તા.૨૮-૧૧-૧૪ ના પત્રથી છુટા કરવાનું કૃત્ય ખોટું, ગેરકાયદેસર, ગેરવ્યાજબી તેમજ વિક્ટીમાઈઝેશના ભાગરૂપનું હોવાનું જાહેર કરવા તથા બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત પુનઃ સ્થાપિત કરવા જરૂરી હુકમ કરવા તથા સદર રેફરન્સનો ખર્ચ અપાવવા તથા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ માંગેલ છે.

(૪) સદર કામના પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે જવાબ રજુ કરેલ ન હોવાથી બીજા પક્ષકાર તરફે આંક-૭ થી પ્રથમ પક્ષકારનો જવાબનો હક્ક બંધ કરવા બાબતે અરજી રજુ કરતાં તે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ.

બીજા પક્ષકાર તરફે આંક-૯ થી પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હક્ક બંધ કરવા બાબતે અરજી રજુ કરતાં તે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ.

બીજા પક્ષકાર તરફે આંક-૧૧ થી પ્રથમ પક્ષકારનો પુરાવા તથા દલીલ રજુ કરવાનો હક્ક બંધ કરવા બાબતે અરજી રજુ કરતાં તે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ અત્રેની અદાલતમાં સદર રેફરન્સ ચાલી જતાં મારા પુરોગામીશ્રી દ્વારા આંક-૧૨ થી તા.૦૩-૦૮-૧૭ ના રોજ બીજા પક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવેલ. સદર હુકમથી નારાજ થઈ પ્રથમ પક્ષકાર સંસ્થાએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં-૬૯૬૩/૨૦૨૧ દાખલ કરેલ. જેમાં નામ. હાઈકોર્ટ દ્વારા કામદારને કોસ્ટના રૂ.૩૦,૦૦૦/- ચુકવી આપવાની શરતે રેફરન્સ ફરીફાઈલે

લેવાનો હુકમ કરવામાં આવેલ. તે હુકમ આધારે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આંક–૧૩ થી તા.૨૩–૦૪–૨૫ ના રોજ નામ. કોર્ટના હુકમ મુજબની રકમ રૂ.૩૦,૦૦૦/– ચલણ નં–૧૦/૨૫–૨૬ થી પી.ડી.પી.એલ.એ. માં અત્રેની કચેરીમાં ચેક નં–૦૧૩૯૬૩ થી જમા કરાવેલ હોવાનું જણાય છે.

ત્યારબાદ બીજા પક્ષકાર તરફેના વકીલશ્રીએ હાજર રહી આંક–૧૫ થી તેમનું વકીલાતનામું રજુ કરી આંક–૧૬ થી બીજા પક્ષકારને કોસ્ટ તરીકે જમા થયેલ રકમ ચુકવી આપવાનો હુકમ કરવા અરજ કરતાં તે અરજી અનુસંધાને કરવામાં આવેલ હુકમ આધારે બીજા પક્ષકારને આંક–૧૭ ની પુરસીસથી નામ. હાઈકોર્ટના હુકમ મુજબના કોસ્ટના રૂ.૩૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રીસ હજાર પુરા) મળી ગયેલ હોવાનું જાહેર કરતાં સદર કામ ફરીફાઈલે લેવામાં આવેલ.

(૪) સદર કામ ફરીફાઈલે લેવામાં આવતાં અત્રેથી આંક–૧૮ થી તા.૨૬–૧૧–૨૦૨૫ ના રોજ સદર કામના પક્ષકારોને આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ. જે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોટીસ તેઓને મળી ગયેલ હોવાનું અત્રે રજુ આંક–૧૯ તથા આંક–૨૦ ના પોષ્ટખાતાના ટ્રેક રીપોર્ટ આધારે જણાય છે.

(૫) સદર કામના પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૨૧ થી પ્રથમ પક્ષકારનો જવાબ રજુ કરવાનો હક્ક બંધ કરવા અરજી આપતાં તે અરજી અનુસંધાને પ્રથમ પક્ષકાર સંસ્થાનો જવાબનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

ત્યારબાદ પણ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૨૩ થી પ્રથમ પક્ષકારનો બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવા અરજી આપતાં તે અરજી મંજુર કરવામાં આવેલ.

(૬) ત્યારબાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફેના પ્રતિનિધિશ્રીએ હાજર રહી આંક–૨૪ થી તેમનું અધિકારપત્ર રજુ કરી આંક–૨૫ થી તેમનો જવાબનો હક્ક ખોલી આપવા અરજ કરતાં તે અરજી મંજુર થતાં તેઓ તરફે આંક–૨૬ થી તેમનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ માંગણાના નિવેદનની હકીકતનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદારની ગંભીર ગેરવર્તણૂંકને ધ્યાને લેતાં હાલનો રેફરન્સ કાયદેસર ટકવાપાત્ર નથી. બીજા પક્ષકાર કામદારે માર્ચ–૨૦ માં ૫૮ વર્ષની નિવૃત્તિ વયમર્યાદા પૂરી કરેલ છે. તેઓની ગંભીર ગેરવર્તણૂંકના લીધે તા.૨૦–૧૨–૧૦ અને તા.૨૧–૦૯–૧૧ ના રોજ ચાર્જશીટ આપવામાં આવેલ છે. દરેક તહોમત અંગે અલગથી કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાનમાં રાખી કામદારને બચાવની પૂરતી તક આપી ઈન્કવાયરી કરવામાં આવેલ છે. ખાતાકીય તપાસના તમામ દસ્તાવેજો બીજા પક્ષકાર કામદારને આપવામાં આવેલ છે. ખાતાકીય તપાસના અંતે તપાસ અધિકારીના રીપોર્ટ મુજબ બીજા પક્ષકાર કામદાર સામેના આક્ષેપો પુરવાર થયેલ હોવાનું જણાવેલ છે અને તેના આધારે મેનેજમેન્ટે બીજા પક્ષકાર કામદારને છુટા કરવાનું નક્કી કરતાં તા.૧૬–૧૨–૧૩ ના રોજ બીજી કારણદર્શક નોટીસ આપેલ જેનો જવાબ આપેલ તે જવાબ સંતોષ કારક ન જણાતાં તા.૨૮–૧૧–૧૪ ના રોજ બરતરફીનો હુકમ કરવામાં આવેલ. બીજા પક્ષકાર કામદારને જે સજા કરવામાં આવેલ તે ગેરવર્તણૂંકની ગંભીરતાને ધ્યાને લઈને કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર કામદાર અન્ય કોઈ કામ વગરના રહેલ હોવાનો ઈન્કાર કરેલ છે. ઉપરોકત બાબતોને ધ્યાને લઈ બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૨૮ થી પુરસીસ આપી તેઓ ખાતાકીય તપાસને પડકારતા નથી. પરંતુ, તપાસ અધિકારીના ફાઈન્ડીંગ અને રીપોર્ટને પડકારતા હોવાનું જાહેર કરેલ છે.

(૭) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર તરફેઃ–

મૌખિક પુરાવાઃ–

૧. આંક–૮ બીજા પક્ષકારશ્રી ચંદુભાઈ વીરસંગભાઈ પટેલની સોગંદ ઉપર જુબાની.

લેખિત પુરાવાઃ–

૧. માર્ક–૨૯/૧ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને આપેલ જોબકાર્ડની નકલ.

૨. માર્ક–૨૯/૨ એપોઈન્ટમેન્ટ લેટરની નકલ.

૩. માર્ક–૨૯/૩ તા.૩૦–૧૨–૧૦ માં ટ્રેનીંગમાં નહીં ગયેલ કામદારોનું લીસ્ટ.

૪. માર્ક–૨૯/૪ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને આપેલ ચાર્જશીટ કમ સસ્પેન્શન નોટીસની નકલ.

૫. માર્ક–૨૯/૫ બીજા પક્ષકારે તા.૨૧–૦૯–૧૧ ના રોજની નોટીસના જવાબની નકલ.

૬. માર્ક–૨૯/૬ બચાવના નિવેદનની નકલ.

૭. આંક–૩૦ ક્લોઝીંગ પુરસીસ. (તા.૧૭–૦૩–૨૦૨૬)

પ્રથમ પક્ષકાર તરફે :–

મૌખિક પુરાવાઃ–

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

લેખિત પુરાવાઃ–

૧. માર્ક–૨૭/૧ કામદારને આપેલ સસ્પેન્શન નોટીસ., તા.૨૧–૦૯–૧૧

૨.	માર્ક–૨૭/૨	સંબંધિત કામદાર સામે તા.૨૧–૦૯–૧૧ ના તહોમતનામાની તપાસ કાર્યવાહી પાન નં–૧ થી ૩૬ તપાસમાં રજુ દસ્તાવેજી પુરાવા સહ.
૩.	માર્ક–૨૭/૩	ખાતાકીય તપાસના તારણો તહોમતનામું તા.૨૧–૦૯–૧૧.(તહોમતનામુંઃ૨૦–૧૨–૧૦), તા.૩૧–૧૨–૧૨.
૪.	માર્ક–૨૭/૪	તહોમતનામું., તા.૨૦–૧૨–૧૦.
૫.	માર્ક–૨૭/૫	તહોમતનામાનો ખુલાસો., તા.૨૪–૧૨–૧૦.
૬.	માર્ક–૨૭/૬	તપાસની જાણ કરતો પત્ર., તા.૩૦–૧૨–૧૦.
૭.	માર્ક–૨૭/૭	તપાસ કાર્યવાહીના પાન નં–૧ થી ૪૧.
૮.	માર્ક–૨૭/૮	તપાસના તારણો., તા.૨૪–૧૨–૧૨.
૯.	માર્ક–૨૭/૯	બીજી કારણદર્શક નોટીસ., તા.૧૬–૧૨–૧૩.
૧૦.	માર્ક–૨૭/૧૦	બીજી કારણદર્શક નોટીસનો ખુલાસો,તા.૦૫–૦૫–૧૪.
૧૧.	માર્ક–૨૭/૧૧	બરતરફીનો હુકમ., તા.૨૮–૧૧–૧૪.
૧૨.	આંક–૩૧	કોઈ સાક્ષી તપાસવા નથી તેવું જાહેર કરતી પુરસીસ. (તા.૧૭–૦૩–૨૦૨૬)

સદર કામના બંને પક્ષકાર તરફેના વકીલશ્રીઓની મૌખિક દલીલ સાંભળી. સદર કામ હુકમ માટે રાખવામાં આવેલ.

(૮) <u>પક્ષકારોની મૌખિક દલીલોઃ</u>–

<u>બીજા પક્ષકાર તરફે દલીલઃ</u>–

આ કામના બીજા પક્ષકાર તરફેના વકીલશ્રીએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદાર સને ૧૯૯૫ થી ફરજ બજાવતા હતાં અને તેઓને સને ૨૦૧૪ માં છુટા કરેલ છે. બીજા પક્ષકારને કહેવાતી બે નોટીસ સિવાય અગાઉ ક્યારેય પણ કોઈ ચાર્જશીટ કે મેમો આપેલ નથી. તા.૦૮–૦૯–૧૧ ના કામ કરવા અંગેના જે ત્રણ મેમા આપવામાં આવેલ છે તે સંસ્થાના દસ્તાવેજ મુજબ કામગીરી પૂર્ણ

કરેલ હોવા છતાં સદર ત્રણ મેમાના આધારે ચાર્જશીટ આપવામાં આવેલ છે અને ખાતાકીય તપાસ કરવામાં આવેલ છે. સંસ્થા તરફથી માત્ર એક જ દિવસ કામ નહીં થયેલાનો આક્ષેપ છે. અગાઉની નોકરીના વર્ષોમાં કોઈ તકલીફ ન હતી. બીજા પક્ષકાર કામદાર ગુજરાત રાજ્ય કામદાર સેના યુનિયનના સક્રિય કમીટી મેમ્બર હતાં જે મેનેજમેન્ટને પસંદ ન હતું તેથી કામદારને હેરાન કરવા બીજા પક્ષકાર ઉપર આક્ષેપ કરવામાં આવેલ છે. ત્યારબાદ ટ્રેનીંગ લેવા સંબંધે ચાર્જશીટ આપવામાં આવેલ છે જે અંગે બીજા પક્ષકાર કામદારને કોઈ જાણ કરવામાં આવેલ ન હતી અને તે દિવસે બીજા પક્ષકાર તેમની ફરજ ઉપર હાજર થયેલ હોવા છતાં કોઈ કામ સોંપવામાં આવેલ નહીં. તે અંગેની ખાતાકીય તપાસ ચલાવી બીજા પક્ષકાર કામદારને બરતરફ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર કામદારને આપવામાં આવેલ બરતરફીનો હુકમ ગેરવર્તણૂંકના પ્રમાણમાં ખૂબ જ વધુ પડતો આકરો અને હાર્શ છે. કલમ-૧૧(એ) ની સત્તાનો ઉપયોગ કરી કરવામાં આવેલ સજામાં ફેરફાર કરી છુટા કર્યા ત્યારથી સળંગ નોકરી ગણી તમામ લાભો અપાવવા વિનંતી કરેલ છે.

<u>પ્રથમ પક્ષકાર તરફે દલીલઃ</u>-

આ કામના પ્રથમ પક્ષકાર તરફેના વકીલશ્રીએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર સામે ગંભીર પ્રકારના આક્ષેપો મુકી ચાર્જશીટ આપવામાં આવેલ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બીજા પક્ષકાર કામદારને બચાવની પૂરતી તકો આપવામાં આવેલ અને તપાસના અંતે ઈન્કવાયરી ઓફીસર દ્વારા બીજા પક્ષકાર કામદાર સામે મુકવામાં આવેલ તહોમત પુરવાર થતાં હોવાનો રીપોર્ટ રજુ કરતાં ગંભીર ગેરવર્તણૂંકને ધ્યાને લઈ તેઓને બરતરફ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર કામદાર તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષ વટાવી ચુકેલ હોવાથી તેઓને નોકરીમાં ફરીથી પુનઃ સ્થાપિત કરી શકાય નહીં. બીજા પક્ષકારનો રેફરન્સ કાયદેસર ટકવાપાત્ર ન હોવાથી રદ કરવા વિનંતી કરેલ છે.

(૯) સદર રેફરન્સના આખરી નિર્ણય તથા નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવા જરૂરી બને છે.

–:– <u>મુદ્દા</u> –:–

(૧) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગેલ દાદ મેળવવા કાયદેસર હક્કદાર છે?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

–:– <u>નિર્ણય</u> –:–

(૧) અંશતઃ હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૧) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

–:– <u>કારણો</u> –:–

આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દાની ચર્ચા કરતાં પહેલા પક્ષકારો તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો, આ કામના બીજા પક્ષકાર આંક–૮ થી રજુ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં આંક–૬ થી રજુ માંગણાના નિવેદનની તમામ હકીકતોને વળગી રહેલ છે. જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા કરવામાં આવતી નથી. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં આંક–૨૯ થી દસ્તાવેજ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકારે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની કંપનીમાં નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની છે. તેઓનો કેસ કોર્ટમાં ચાલતો હોવાથી તેઓ બીજી નોકરી કરવા ગયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, નોકરીની તપાસ કરેલી પરંતુ, મળેલી નથી.

<u>મુદ્દા નંબર–૧</u>:–

આ કામે પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે માલિક–કામદારના સંબંધો અંગે કોઈ તકરાર રહેલી નથી તેમજ આ કામના બીજા પક્ષકાર વિરૂધ્ધ તેઓને આપવામાં આવેલ ચાર્જશીટ અનુસંધાને ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલી. સદર ખાતાકીય તપાસની કાયદેસરતાને બીજા પક્ષકાર દ્વારા પડકારવામાં આવેલ નથી પરંતુ, તપાસના રીપોર્ટ અને તેના તારણોને પડકારેલ છે અને કલમ–૧૧(એ) મુજબ કરવામાં આવેલ સજા વધુ પડતી હોય તેમાં હસ્તક્ષેપ કરવા રજુઆત કરેલ છે. બીજા પક્ષકાર કામદારને તા.૨૧–૦૯–૧૧ ના રોજની શોકોઝ નોટીસ કમ ચાર્જશીટ કમ સસ્પેન્શન ઓર્ડર આપવામાં આવેલ અને તેમાં જણાવ્યા મુજબની ત્રણ કામગીરી નહીં કરવા બદલ ચાર્જશીટ આપવામાં આવેલ છે અને તે સંબંધેની ખાતાકીય તપાસ કરવામાં આવેલ છે. ખાતાકીય તપાસના કાગળો ધ્યાને લેતાં ચાર્જશીટમાં બતાવવામાં આવેલ ત્રણેય કામગીરી પૂર્ણ થઈ ગયેલી તેવી બીજા પક્ષકાર કામદારની રજુઆત છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી હાલના કામે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ તપાસના કાગળોમાં સંસ્થા તરફથી તપાસવામાં આવેલ સાહેદોની જુબાની જોતાં ઉપરોક્ત કામગીરીઓ પૂર્ણ થઈ ગયેલ હોવાનું જણાય છે. જે હકીકતો ખાતાકીય તપાસના રીપોર્ટમાં જણાવવામાં આવેલ નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવા કરતાં વિરૂધ્ધનું તારણ આપવામાં આવેલ છે તેમજ જે અધિકારી વિરૂધ્ધ ગેરવર્તણૂંક કરેલાનું જણાવેલ છે તે અધિકારીઓ દ્વારા ખાતાકીય તપાસમાં બીજા પક્ષકાર કામદારને સોંપવામાં આવેલ કામ સંબંધે વધુ દલીલો કરતાં હતાં તેવું જણાવેલ છે. દલીલો અંગે જોવામાં આવે તો, કામ કરવા માટે જરૂરી એવા સાધનો તેમજ સફાઈ સંબંધે જણાવવામાં આવેલ હોવાનું જણાય આવે છે. જ્યારે કોઈ કામદાર કોઈ કામ કરવા સંબંધે કોઈ જરૂરી સાધનો, હથિયારો કે તે કરવા માટે જરૂરી સફાઈ અંગે જણાવવામાં આવે તો આવી હકીકતોને કામ સોંપ્યા સંબંધમાં દલીલો કહી શકાય નહીં પરંતુ, કામ કરવા સંબંધેની આવશ્યકતા પૂરી પાડવા જણાવવામાં આવે તો તે માંગણી તેઓની વ્યાજબી છે. કારણ કે, તે સિવાય તે કામ થઈ શકે નહીં. જ્યારે તપાસ કરનાર અધિકારી દ્વારા આ હકીકતોને બીજા

પક્ષકાર કામદાર દ્વારા ઓફીસરો સામે દલીલો કરવાનું અને ગેરવર્તણૂંક કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે તે પડેલા પુરાવાથી વિરૂધ્ધની હકીકત જણાવેલ છે.

આ કામના બીજા પક્ષકારને તા.૨૦–૧૨–૧૦ ના રોજ તા.૧૭–૧૨–૧૦ અને તા.૧૮–૧૨–૧૦ ના રોજ "સમર્થ" વિષય પર શાલીમાર હોટલ, અંકલેશ્વરમાં ટ્રેનીંગ પ્રોગ્રામના આયોજનમાં જાણ કરવા છતાં ગેરહાજર રહેવા સંબધે ચાર્જશીટ આપવામાં આવેલ. આ અંગે સંસ્થા દ્વારા જે કામદારોને હાજર રહેવા જણાવવામાં આવેલ તેઓનું લીસ્ટ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલું તેવી હકીકત સંસ્થા તરફથી તપાસવામાં આવેલ સાહેદ દ્વારા જણાવવામાં આવેલ છે પરંતુ, વ્યક્તિગત રીતે કોઈ કર્મચારીને જાણ કરેલ હોય તેવી કોઈ હકીકત સાહેદ દ્વારા જણાવવામાં આવેલ નથી. તા.૧૭–૧૨–૧૦ અને તા.૧૮–૧૨–૧૦ ના રોજ બીજા પક્ષકાર કામદાર પોતાની ફરજ ઉપર હાજર થયેલ છે અને તે અંગે તેઓનું હાજરીપત્રક પણ રજુ કરવામાં આવેલ છે. જો આવા કામદારે ટ્રેનીંગ લેવાની થતી હોય તો તા.૧૭–૧૨–૧૦ અને તા.૧૮–૧૨–૧૦ ના રોજ પોતાની ફરજ ઉપર સંસ્થામાં જાય છે ત્યારે પણ તેઓને તેમના ખાતાના વડા તરફથી કે સંસ્થા તરફથી તેઓએ ટ્રેનીંગ માટે જવાનું છે તેની જાણ કરવામાં આવતી નથી અને કામદાર પાસેથી કામ લેવામાં આવેલ છે. આમ, બીજા પક્ષકાર કામદાર ઈરાદાપૂર્વક ટ્રેનીંગમાં જાણીજોઈને ગેરહાજર રહેલાની હકીકત માની શકાય તેવી નથી. કારણ કે, તે બંને દિવસ તેઓ સંસ્થામાં કામ કરવા માટે હાજર રહેલ છે તેવું સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો આધારે જણાય છે.

આમ, બીજા પક્ષકાર કામદાર વિરૂધ્ધ કરવામાં આવેલ બંને તહોમતનામા અન્વયે થયેલ ખાતાકીય તપાસમાં જે તારણો દર્શાવવામાં આવેલ છે તે ખાતાકીય તપાસમાં પડેલ પુરાવાઓથી વિરૂધ્ધના હોવાનું જણાય આવે છે અને આવા તારણોના આધારે બીજા પક્ષકાર કામદારને બરતરફ કરવાનો જે હુકમ કરવામાં આવેલ છે તે ખૂબ જ આકરો અને વધુ પડતો હોવાનું જણાય છે. બીજા પક્ષકાર કામદાર વિરૂધ્ધના આક્ષેપો પુરવાર થયેલ હોવાનું માનવામાં આવે તો પણ બીજા પક્ષકાર વિરૂધ્ધ જે આક્ષેપો છે તેના પ્રમાણમાં

તેઓને કરવામાં આવેલ સજા ખૂબ જ વધુ પડતી હાર્શ હોવાનું જણાય આવે છે. વધુમાં, સદર કામનો આખરી નિકાલ કરતાં પહેલા બીજા પક્ષકારના ભૂતકાળના રેકર્ડ ઉપર પણ એક નજર કરવી જોઈએ તેવું મારૂ માનવું છે. બીજા પક્ષકારનો ભૂતકાળનો રેકોર્ડ જોતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં અગાઉ ૧૬ વર્ષ ખંત અને વફાદારીપૂર્વક નોકરી કરેલ હોવાનું તથા તેમની નોકરીનો રેકર્ડ ચોખ્ખો હોવાનું જણાય છે. તે સમયગાળા દરમિયાન તેઓને કોઈ નોટીસ કે મેમો આપવામાં આવેલ હોય તેવી હકીકત રેકર્ડ આધારે જણાતી નથી. આથી બીજા પક્ષકાર કામદાર કામ કરવામાં કુશળ હોવાની હકીકત ફલિત થાય છે. તેવા સંજોગોમાં આઈ.ડી. એક્ટની કલમ-૧૧(એ) નીચે આ કોર્ટને મળેલી સત્તા અન્વયે તેઓની સજામાં હસ્તક્ષેપ કરવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે. હાલ બીજા પક્ષકાર પોતાની નિવૃત્તિ વયમર્યાદા વટાવી ચુકેલાનું જણાય છે ત્યારે તેઓને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તેવા સંજોગોમાં બીજા પક્ષકાર કામદારને ઉચ્ચક વળતર પેટેની રકમ રૂ.૭,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા સાત લાખ પચાસ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી મુદ્દા નંબર-૧ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નંબર-૨ અન્વયે નીચે મુજબનો એવોર્ડ પસાર કરવામાં આવે છે.

-:- <u>એવોર્ડ</u> -:-

(૧) બીજા પક્ષકાર ચંદુભાઈ વીરસંગભાઈ પટેલનો હાલનો રેફરન્સ (એલ.સી.બી.) નં-૬૦/૧૫ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર બનતા નથી. પરંતુ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી ઉચ્ચક વળતર પેટેની રકમ રૂ.૭,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા સાત લાખ પચાસ હજાર પુરા) મેળવવા હક્કદાર બને છે. આથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ હુકમ મુજબની રકમ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં બીજા પક્ષકારને ચુકવી આપવાની રહેશે.

(૩) પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને સદર રેફરન્સ ખર્ચની રકમ રૂ.૨,૦૦૦/– અલગથી ચુકવી આપવા.

તારીખ: ૧૮/૦૪/૨૦૨૬
સ્થળ: ભરૂચ

(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)
જીજે૦૦૬૫૫
પ્રમુખ અધિકારી
મજુર અદાલત નં–૧, ભરૂચ

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર